**Gujarat Samachar Pg 7, 22nd Jan 2022**

### અમેરિકામાં માથે તોળાતી વ્યાજ દર વૃદ્ધી વચ્ચે...

# ક્રિપ્ટો બજારમાં મોટો કડાકો: બિટકોઈનમાં ૫૭૦૦ ડોલર તૂટ્યા: બજાર ગબડી પાંચ મહિનાના તળિયે

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,તા.૨૧

ક્રિપ્ટો કરન્સી બજારમાં આજે મંદીનો તીવ્ર આંચકો લાગતાં ભાવમાં ૮થી ૧૪ ટકાનો ઝડપી કડાકો બોલાઈ ગયો હતો. ક્રિપ્ટો બજારમાં આજે આશરે ૬૦૦ મિલીયન ડોલરનું સેલ-ઓફફ જોવા મળ્યું હતું.

## ૭૪૫ મિલીયન ડોલરનું લીકવીડેશન થતાં ખેલાડીઓ સ્તબ્ધ: વિશ્વનો પ્રથમ ક્રિપ્ટો ઈન્ડેક્સ આઈસી-૧૫ આઠ ટકા ગબડી ૫૯,૦૦૦ની અંદર ઉતર્યો

અમેરિકામાં ફેડરલ રિઝર્વે સેન્ટ્રલ બેન્કની ડિજીટલ કરન્સી વિશે શ્વેતપત્ર બહારપાડ્યું છેઉપરાંત ત્યાંના સિક્યોરિટી કમિશનેક્રિપ્ટોપર વધુ કડક અંકુશો લાદવા જણાવતાંઅનેરશિયાએપણઆવોઅભિગમ બતાવતાં ક્રિપ્ટોબજારમાં વેચવાલી નિકળી હોવાનુંબજારના સૂત્રોએજણાવ્યું હતું. બિટકોઈનમાં આશરે ૨૯૭મિલીયન ડોલરનું લીકવીડેશન નોંધાયું હતું. જ્યારે ઈથેરમાં ૨૦૨ મિલીયન ડોલરનુંસેલ ઓફ્ફ જોવા મળ્યુંહતું. અમેરિકામાં બોન્ડયીલ્ડ ઉંચીજતાં તથાઆગળઉપર વ્યાજવૃદ્ધીનાસંકેતોવહેતાં થતાં તેનીઅસરપણ બજારપરદેખાઈહતી. બિટકોઈનનાભાવઆજેઉંચામાં ૪૩૪૯૫ ડોલરતથા નીચામાં ૩૭૭૨૮ ડોલરથઈ ૩૮૬૬૫ ડોલર રહ્યાહતા. ભાવતૂટીપાંચ મહિનાનાતળિયે ઉતર્યાછે. દરમિયાન, ક્રિપ્ટોબજાર તૂટતાંક્રિપ્ટો વાયરનો આઈસી-૧૫ઈન્ડેક્સ૭.૮૩ ટકાઆજેગબડ્યોહતો. ક્રિપ્ટો કરન્સીનો વિશ્વનોપ્રથમ ઈન્ડેક્સ આઈસી-૧૫ આજે૬૪૦૪૧ ખુલ્યાપછી ઉંચામાં૬૬૦૨૯થઈનીચામાં૫૮૨૯૩થઈ ૫૯૦૨૫પોઈન્ટ રહ્યોહતો.

દરમિયાન, મિડકેપ ઈથેરમાં આજે ભાવ ૧૨થી ૧૩ટકાતૂટી ૨૮૨૦ડોલર બોલાયા હતા. બિટકોઈનના ભાવ૯થી ૧૦ ટકા ટકા ગબડ્યા હતા. સ્મોલ કેપમાં એક્સઆરપીના ભાવ૯થી ૧૦ ટકા ૬૮થી ૬૯ સેન્ટ રહ્યા હતા. સોલાનાના ભાવ ૧૪થી ૧૫ ટકા તૂટી ૧૨૦.૨૦ ડોલર જ્યારે કારડનોના ૧૩થી ૧૪ ટકાતૂટી ૧.૨૦થી ૧.૨૧ ડોલર બોલાયા હતા. ડોજકોઈનના ભાવ ૮થી ૯ ટકા તૂટી ૧૫થી ૧૬ સેન્ટ જ્યારે શિબાઈનુના ૧૨થી ૧૩ટકાઘટી ૦.૦૦૦૨૫ડોલરબોલાતા થયા હતા.

Mumbai Edition
Jan 22, 2022 Page No. 1
Powered by : eReleGo.com